ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૪૭/૨૦-૨૧/ 3654 તારીખ : 21 OCT 2020

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી પરશોતમભાઈ ગોવિંદભાઈ ઝાઝડીયા,**
S/O ધનજીભાઈ પરશોતમભાઈ ઝાઝડીયા,
મુ.ચિરોડા,
તા.ગઢડા(સ્વા.),
જી.બોટાદ.
**મો.નં. ૯૯૧૪૯ ૯૯૪૭૭**

કેસ નં.૪૭/૨૦-૨૧

**વિષય : ખેતીવાડી વિજ જોડાણમાં રૂા.૧૪૦૦૦/- નું પુરવણી બિલ મળવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.અવાચ્ય જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૮/૯/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૭/૨૦-૨૧/૩૩૮૫ તા.૨૯/૯/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૭/૨૦-૨૧/૩૪૧૯ તા.૩/૧૦/૨૦૨૦.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૧૩/૧૦/૨૦૨૦ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણઃ- ઉપર મુજબ.

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **ગઢડા.**

*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાનાઃ-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **બોટાદ.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, શહેર પેટા વિભાગીય કચેરી, **ગઢડા.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૪૭/૨૦–૨૧**

વાદી :– પરશોતમભાઈ ગોવિંદભાઈ ઝાઝડીયા **S/O** ધનજીભાઈ પરશોતમભાઈ ઝાઝડીયા

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **રજુઆતની તારીખ:– ૧૩/૧૦/૨૦૨૦** ◈

હાજર રહયા :– શ્રી વિનય ધનજીભાઈ ઝાઝડીયા – (વાદી ના પૌત્ર)

પ્રતિવાદી :– શ્રી જી.એમ.ચૌહાણ, નાયબ ઈજનેર, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી–૨, ગઢડા.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

પરશોતમભાઈ ગોવિંદ**ભાઈ ઝાઝડીયા**, મુ.ચિરોડા, તા.ગઢડા(સ્વા.), જી.બોટાદ ની ખેતીવાડી વિજ જોડાણમાં રૂા.૧૪૦૦૦/– નું પુરવણી બિલ મળવા બાબત ની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૪૭/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, બોટાદ ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૭/૨૦–૨૧/૩૩૮૫ તા.૨૯/૯/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૩/૧૦/૨૦૨૦** નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી પરશોતમભાઈ ગોવિંદભાઈ ઝાઝડીયા વતી તેમના પૌત્ર શ્રી વિનય ધનજીભાઈ ઝાઝડીયા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી જી.એમ.ચૌહાણ, નાયબ ઈજનેર, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી–૨, ગઢડા ઉપસ્થિત રહેલ.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

☞ <u>વાદીશ્રીની રજુઆતઃ</u>– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...

૧.૧ ગઢડા તાલુકાના ચિરોડા ગામે અમારી ખેતીવાડીની જમીન માં ગ્રાહક નં–૬૦૧૦૭/૦૦૨૦૭/૮ થી ૧૨.૫ હો.પા.નું ખેતીવાડી વિજ કનેકશન શરૂ છે.

૧.૨ આ બાબતે બાંહેધરી ખત સામેલ છે. જેમાં,૨(બે) મોટર જુદી જુદી જગ્યાએ ચલાવવા માટે મંજૂરી લીધેલ છે.

૧.૩ પરંતુ, અમોને પીજીવીસીએલ દ્વારા રૂા.૧૪૦૦૦/– ની વિજ બિલ ની બાકી રકમની ઉઘરાણી માટે અને વિજ કનેકશન કાપી નાંખવા માટે કહેવામાં આવે છે.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>

૨.૧ શ્રી પરશોતમભાઈ ગોવિંદભાઈ ઝાઝડીયા મુ.ચિરોડા, તા.ગઢડા, જી.બોટાદ ખાતે ૨(બે) ખેતીવાડી વિજ કનેકશનો ધરાવે છે.

૨.૨ એક ખેતીવાડી વિજ કનેકશન ગ્રાહક નં– ૬૦૧૦૭/૦૦૧૮૯/૬ થી ૧૨.૫ હો.પા.નું ધરાવે છે. અને જે ખેતીવાડી વિજ જોડાણ માં શ્રી ધનજીભાઈ પરશોતમભાઈ ઝાઝડીયા દ્વારા તા.૧૬/૧૧/૨૦૧૯ ના રોજ ૨(બે) મોટર બોર તેમજ કુવા ઉપર ચલાવવા તમામ સાધનિક કાગળો સાથે ગઢડા ગ્રામ્ય–૨ પેટા વિભાગીય કચેરીએ અરજી કરેલ છે.

૨.૩ બીજું ખેતીવાડી વિજ કનેકશન ગ્રાહક નં–૬૦૧૦૭/૦૦૨૦૭/૮ થી ૧૨.૫ હો.પા. નું ધરાવે છે. તેમજ આ ગ્રાહક નંબર વાળા ખેતીવાડી વિજ કનેકશનમાં આપના દ્વારા ૨(બે) મોટરો વાપરવા માટેની અરજી કરવામાં આવેલ નથી.

૨.૪ ગ્રાહક નં–૬૦૧૦૭/૦૦૨૦૭/૮ વાળા વિજ કનેકશનમાં તા.૫/૧૨/૨૦૧૮ ના રોજ વિજ કંપની ના સક્ષમ અધિકારી દ્વારા વિજ ચેકીંગ કરતા ગ્રાહક પીજીવીસીએલ ની કોઈપણ પ્રકારની પૂર્વ મંજૂરી લીધા વગર ૨(બે) અલગ અલગ મોટરો ચલાવતા ઝડપાયેલ હોય, તેઓને વિજ અધિનિયમ ની કલમ–૧૨૬ હેઠળ સદર વિજ કનેકશન માં પીજીવીસીએલ કંપની દ્વારા નિયમાનુસાર રૂા.૧૪૪૦૦/– પુરવણી બિલ આપવામાં આવેલ.

૨.૫ આમ, ગ્રાહકને આપવામાં આવેલ કલમ–૧૨૬ હેઠળ નું વિજ પુરવણી બિલ નિયમ મુજબનું હોય ગ્રાહકને ભરવાપાત્ર છે.

☞ <u>ફોરમનું તારણ</u> :- વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર શ્રી પરશોતમભાઈ બળવંતભાઈ ઝાઝડીયા, ગામ-ચિરોડા, તા.ગઢડા(સ્વા.) નો ગ્રાહક નં-૬૦૧૦૭/૦૦૨૦૭/૮ થી ૧૨.૫ HP નું ખેતી વિજ જોડાણ ધરાવે છે.

૩.૨ વાદી એ તેનું ખેતી વિજ જોડાણ પ્રતિવાદી દ્વારા કાપી નાખવા માટે તેમજ રૂ.૧૪૪૦૦/- ની રકમની પુરવણી બિલ હેઠળ ની વસુલાત સામે ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૩ પ્રતિવાદી એ રજૂ કરેલ જવાબ તેમજ દસ્તાવેજી પુરાવા મુજબ વાદી નું ખેતી વિજ જોડાણ તા.૫/૧૨/૨૦૧૮ ના રોજ પ્રતિવાદી દ્વારા ચેક કરવામાં આવેલ, તેમાં અનિયમીતતા જણાતા, પ્રતિવાદી એ વાદીને ભારતીય વિજ ધારા-૨૦૦૩ ના સેકશન ૧૨૬ હેઠળ વાદીને રૂ.૧૪૪૦૦/- નું પુરવણી બિલ આપેલ છે. અને તે બિલ ની વસુલાતમાં પ્રતિવાદી એ કાર્યવાહી હાથ ધરેલ.

૩.૪ GERC ના નોટીફીકેશન નં-૨/૧૯ ના ક્લોઝ ન.૨.૩૩(૨) મુજબ કલમ-૧૨૬ હેઠળના કેસોમાં અરજદાર ફોરમ નો સંપર્ક કરવા હકકદાર રહેતો નથી. આમ, અરજદારની અરજી અંગે ફોરમ દ્વારા કોઈ કાર્યવાહી કરવાની ન રહેતી હોય, કોઈ હુકમ કરવામાં આવતો નથી.

<u>-:: હુકમ ::-</u>

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં." ૩.૪ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મેહતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**ગેરહાજર**
**(પી. એન. અજાકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કં.લી.:ભાવનગર.**

તારીખ :- <u>૧૩/૧૦/૨૦૨૦.</u>

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.